"કોમન સર્વિસ પોર્ટલ" અંતર્ગત
નાગરિકોને સેવાઓ પુરી પાડવા અંગે

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
પરિપત્ર ક્રમાંક : ઇજીવી/૧૦/૨૦૧૩/૩૧૨૮૯૨/આઇટી
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬ મે, ૨૦૧૬.

વંચાણે લીધા :

(૧) ઠરાવ ક્રમાંક : ઇજીવી/૧૦/૨૦૧૩/૩૧૨૮૯૨/આઇટી, સા.ટે.વિ. તા. ૩૧/૩/૨૦૧૬
(૨) પરિપત્ર ક્રમાંક : ઇજીવી/૧૦/૨૦૧૩/૩૧૨૮૯૨/આઇટી, સા.ટે.વિ. તા. ૧૬/૦૫/૨૦૧૬

રાજય સરકારે સંદર્ભિત ઠરાવ તથા પરિપત્ર થી રાજયના નાગરિકોની ફરિયાદો / અરજીઓ ઓનલાઇન કરી શકાય તે માટે ડિજીટલ ઇન્ડિયા – ડિજીટલ ગુજરાતના કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજયના જુદા જુદા વિભાગોની સેવાઓ તબક્કાવાર કોમન સર્વિસ પોર્ટલ **digitalgujarat.gov.in** ના નામથી નવું પોર્ટલ તા. ૧ લી એપ્રિલ, ૨૦૧૬ થી કાર્યાન્વિત કરેલ છે. ડિજીટલ ગુજરાતના નેજા હેઠળ રાજયના નાગરિકોને ઘેરબેઠા ઓનલાઇન સેવાઓ મળી શકે તથા જુદા જુદા વિભાગોની સેવાઓ "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" કાર્યક્રમ હેઠળ નાગરિકોને મળતી સેવાઓ તબક્કાવાર આ કોમન સર્વિસ પોર્ટલના માધ્યમથી રાજયના નાગરિકોને સરળતાથી તથા નિયત સમય મર્યાદામાં ઓનલાઇન ઉપલબ્ધ થાય તે બાબત સુનિશ્ચિત કરેલ છે.

એટીવીટી સેન્ટરો / જનસેવા કેન્દ્રો, ક્ષેત્રિય અધિકારીઓ તથા નાગરિકોના ફીડબેક ધ્યાને લઇ વહીવટી પ્રક્રિયામાં સરળતા રહે તે માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે. હવેથી આ પરિપત્ર દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ મુજબ ઓન લાઈન અરજીઓ પ્રોસેસ કરવાની રહેશે અને નાગરિકો ને જરૂરી સમજ આપવાની રહેશે.

ઓનલાઇન અરજીઓ કરવામાં નાગરિકોને સરળતા રહે અને નાગરિકો ઓનલાઇન સેવાઓનો વધુમાં વધુ લાભ લે તે માટે હાલની ઓનલાઇન પ્રોફાઇલ ક્રિએટ કર્યા બાદ પ્રોફાઇલ વેરીફિકેશન કરવાની પ્રક્રિયા દૂર કરવામાં આવે છે. જેના કારણે હવેથી નાગરિકોને પ્રોફાઇલ વેરિફિકેશન કરાવવા માટે જનસેવા કેન્દ્ર ઉપર જવાનું રહેશે નહિ. આમ કરવાથી –

1. પ્રોફાઇલ ક્રિએટ કરીને નાગરિકો ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી સરકારી સેવાઓ મેળવવા અરજી તેમજ તેનું ઓનલાઇન પેમેન્ટ કરી શકશે .
2. જનસેવા કેન્દ્ર દ્વારા, રૂબરૂ મળતી અરજીઓની જેમ જ ઓનલાઇન મળતી અરજીઓ ઉપર પણ કાર્યવાહી કરશે, અને અરજદારે ઓનલાઇન કરેલ અરજીની સાથે રજુ કરેલ ડોક્યુમેન્ટસ સ્વીકારશે .
3. નાગરિકો પોતાના પ્રોફાઇલમાં ફેરફાર કરવા માંગતા હશે તો તે માટે ટૂંક સમયમાં આધાર માટે જે રીતની સુવિધા ઉપલબ્ધ છે તેવી સુવિધા ઊભી કરવામાં આવશે .
4. નાગરિકોને સેવાઓ પુરી પાડવાના માધ્યમ નાગરિકોની પસંદગી મુજબ ટપાલ, ઇમેલ-, કુરિયર, યુપીસી, આરપીએડી કે જાતે રૂબરૂ મેળવવાની પ્રથા યથાવત રાખવામાં આવે છે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગૌરાંગ શાહ)
આધિક સચિવ (આઈ.ટી)
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નોડલ અધિકારીશ્રી (નાગરિક અધિકાર પત્ર) સર્વે વિભાગો.
દરેક કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે ખાતાના વડાશ્રીઓ.
નિયામકશ્રી, નગરપાલીકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર...તમામ નગરપાલીકાઓને જાણ સારૂ.
મહાનગર પાલિકા,
અમદાવાદ/ગાંધીનગર/વડોદરા/સુરત/રાજકોટ/ભાવનગર/જામનગર/જુનાગઢ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
દરેક જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સિલેક્ટ ફાઇલ.